AIR / VASCSC / 20 mts Audio / PnP/ Chaalto Raheje / Ep 25

ચાલતો રહેજે

(Ep. 25)

"નેચરલ રીસોર્સ મેનેજમેન્ટ"
"ડેપ્લીટેડ સ્ટેટ ઓફ નેચરલ રીસોર્સીઝ"– કારણો, અસરો, ઉપાયો.

મૂળ સામગ્રી : **VASCSC, Ahmedabad**

વૈજ્ઞાનિક માર્ગદર્શન : ધ્વનિ શાહ – અપેક્ષા પરીખ– નેહા નંદકેઓલ્યાર

નાટ્ય રૂપાંતર : પરેશ નાયક

નિર્માતા : ભાસ્કર જોષી – AIR, Ahmedabad

પાત્રો : કવિતા, આરોહી, સમીર.

સંકલન : ભાસ્કર જોષી – જલ્પા અંતાણી

Fade in

ટાઇટલ ફેડ આઉટ થયા પછી ભાસ્કરભાઈનું સંબોધન સંભળાય છે.

ભાસ્કર જોષી

નમસ્કાર શ્રોતામિત્રો. આકાશવાણી અમદાવાદના સ્ટૂડીયો નંબર એકમાંથી હું ભાસ્કર જોષી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું.

જલ્પા અંતાણી

અને શ્રોતામિત્રો, અહીં જનવિકાસ સ્ટુડીયોમાંથી હું જલ્પા અંતાણી સમીરભાઈ, કવિતાબહેન અને આરોહીની સાથે આપ સૌનું સ્વાગત કરું છું.

ભાસ્કર જોષી

જલ્પાબહેન, છેલ્લા થોડાક અઠવાડીયા દરમ્યાન ચાલતો રહેજેની આપણી આ વૈજ્ઞાનિક રેડિયો સફરમાં આપણે જળસંચયની રીતો અને ટેકનોલોજી વિશે સ્હેજ વિસ્તારપૂર્વક વાત કરી અને એ સાથે પાણીની જાળવણી અને પાણીની આસપાસ સંકળાયેલા વિકાસના પ્રશ્નોની ચર્ચા સમેટી. તો આજથી હવે આપણે પ્રાકૃતિક સ્રોતોના દિવસેદિવસે પાંખા થતા જતા

કવર બાબતે એટલે કે સૂકાતા જળસ્રોતો અને પાતળા પડતા જતા જંગલોના ગ્રીન કવર બાબતે મહત્વની ચર્ચામાં પ્રવેશ કરીશું. બરાબર ને જલ્પાબહેન?

<u>જલ્પા અંતાણી</u>

જી. જેથી પ્રકૃતિએ આપણને સોંપેલા આ અમૂલ્ય સ્રોતો વિના માનવજીવન ટકાવવું અસંભવ છે એ વિશે આપણે જાગૃત બનીએ. કેમકે નહીં તો ન કરે નારાયણ ને ઊંઘમાં જ આપણો અંત આવશે.

<u>ભાસ્કર જોષી</u>

મિત્રો આ સાથે કવિતામેડમ અને જલ્પાબહેન તથા સમીરભાઈ અને આરોહીબહેન સાથે પ્રાકૃતિક સ્રોતો વિશેની આ અત્યંત તાકીદની ચર્ચાની આટલી માંડણી કરી હવે હું આકાશવાણીના સ્ટુડીયોમાં આજના વિષય નિષ્ણાત સાથેની ચર્ચાના રેકોર્ડીંગની તૈયારીમાં જોડાઈશ. ઓવર ટૂ જલ્પા અંતાણી

<u>જલ્પા અંતાણી</u>

વેલ, કવિતા મેડમ તમે ચર્ચા શરૂ કરશો?

<u>કવિતા</u>

હા જલ્પા. પણ પહેલા મારે આરોહીની જાહેરમાં માફી માંગવાની છે.

<u>જલ્પા અંતાણી</u>

કેમ, શું થયું?

<u>કવિતા</u>

મેં આરોહીને ગઈકાલે કીધેલું કે હું આજની ચર્ચા માટેનો કેટલોક ડેટા તને ઈમેલથી મોકલાવીશ, પણ બન્યું એવું કે ઘરે મહેમાનો હતા એટલે હું પોતે જ એ ડેટા વિશેની આખી વાત જ ભૂલી ગઈ.

<u>આરોહી</u>

અરે કવિતા મેડમ, એનો કશો વાંધો નહીં કારણકે મને ખાતરી હતી કે સમીરભાઈ તો એ બધા આંકડાઓ સાથે રાખશે જ. એટલે અહીં

આવતાની સાથે જ મેં સમીરભાઈને પૂછીને એની ખાતરી કરી લીધી હતી. લો આ રહી તમારી નકલ.

કવિતા

ઓ થેંક્સ. સો નાઇસ ઓફ યુ આરોહી. મને થયું કે તું મારી પર નારાજ છે ને એટલે જ તું હંમેશની જેમ મારા બારણે બેલ માર્યા વિના સીધી જ લીફ્ટમાં નીચે ઉતરી ગઈ ને અહીં જનવિકાસ સ્ટૂડીયોમાં આવી ગઈ.

આરોહી

અરે ના હોય કાંઈ? તમે તો વડીલ છો. તમારી વાતનું કાંઈ ખોટું લગાડાય? ઉલ્ટાનું મને થતું હતું કે તમે બેલ માર્યો હશે પણ રાતના ઉજાગરાને લીધે રેકોર્ડીંગની તૈયારી કરતા કરતા જ સ્હેજ ઝોકું આવી ગયેલું તે હું જાગી નહીં એટલે તમે મારાથી નારાજ હશો. તે છેક હમણાં યાદ આવ્યું એટલે હાંફળીફાંફળી દોડી. નીચે ઉતરી તો ત્યાં જલ્પા બહેનને આવતા જોયા એટલે થયું કે હાશ મોડી તો નથી પડી.

જલ્પા અંતાણી

ચાલો ત્યારે તમારી બે પાડોશીઓની ગેરસમજ તો આમ સહજ દૂર થઈ ગઈ, ને આરોહીબહેનની ઊંઘ પણ સમયસર ઊડી ગઈ એટલે આપણા આજના રેકોર્ડીંગનો તો બચાવ થઈ ગયો. પણ શ્રોતમિત્રો, આપણ જો કુદરતના રીન્યુએબલ અને નોન-રીનયુએબલ સ્રોતો વિશેનો ડેટા બરોબર સમજીને પાંખા થતા જતા આ સ્રોતોની સમસ્યાનો સામનો જો જાગૃતિપૂર્વક નહીં કરીએ અને ઊંઘતા જ રહીશું તો કદાચ ઊંઘમાં ને ઊંઘમાં જ આખી માનવજાતનો નાશ કરી બેસીશું. કેમ ખરું ને મેડમ?

કવિતા

હા જલ્પા. સાવ સાચી વાત કરી તેં. શ્રોતામિત્રો, આપણા રોજબરોજના જીવનમાં આપણને જે ચીજોનો અનિવાર્યપણે ખપ પડે છે તેમાં પાણી, હવા, ઝાડપાન, ખોરાક, માથે છત ને ચોપાસ દીવાલોવાળું ઘર તથા પ્રાથમિક ઘરવખરી, અને હવેના કાળમાં વાહનો માટેનું ઈંધણ.આટલી ચીજો તો ખરી જ. બરાબર? મિત્રો, આ તમામ ચીજોને આપણે રીસોર્સીઝ તરીકે ઓળખાવી શકીએ. આમાંની અમૂક ચીજો આપણે કુદરત પાસેથી વિનામૂલ્યે મેળવતા આવ્યા છીએ, ને અમુક આપણે સમાજમાંથી મેળવીએ છીએ. જેજે ચીજો આપણને પ્રકૃતિ પાસેથી મળે છે તેની અછતને લીધે સર્જાયેલી વર્તમાન કટોકટી જોતાં કહી શકાય કે આજે હવે આખી માનવજાત ઊંઘતી ઝડપાઈ રહી છે. ખોટું કહ્યું મેં સમીર?

સમીર

ના મેડમ. તો, દોસ્તો, પ્રકૃતિ પાસેથી આપણને જે વણમાંગ્યા મળેલા વરદાન જેવી આ સંપદા છે – જેને નેચરલ રીસોર્સીઝ કહીએ છીએ તેની વાત આજે કરવાના છીએ. વિડંબના એ વાતની છે મેડમ, કે આ જગતની એંશી ટકા પ્રાકૃતિક સ્રોતોની અમૂલ્ય સંપદાનો ભોગવટો માત્ર વીસ ટકા સંપન્ન લોકો કરે છે. અને જગતના બહુમતી એંશી ટકા જનસમુદાયને માત્ર વીસ ટકા પ્રાકૃતિક સ્રોતો વડે ચલાવી લેવું પડે છે.

આરોહી

ને સમીરભાઈ, આમાં પણ ચાળીસ ટકા ગરીબોને તો માત્ર પાંચ ટકાથી અને વીસ ટકા અત્યંત ગરીબ પ્રજાને ફક્ત બે જ ટકા ભાગથા ચલાવી લેવું પડે છે.

જલ્પા અંતાણી

આથી એ પણ સિધ્ધ થાય છે કે વસ્તીવધારો એ કાંઈ સાચેસાચ પ્રાકૃત્રિક સ્રોતોની અછતનું સાચું કારણ નથી.

કવિતા

મિત્રો તમે જુઓ છો કે પેટ્રોલ અને રસોઈના ગેસના વધતા જતા ભાવો વચ્ચે આજનો સામાન્ય માણસ રહેંસાઈ રહ્યો છે. કેમકે જેમજેમ પ્રાકૃતિક સ્રોતો વધુ ને વધુ પાંખા થતા જાય છે તેમતેમ પેટ્રોલીયમ પેદાશોનો ભાવવધારો માઝા મૂકી રહ્યો છે.

જલ્પા અંતાણી

સરકારી સૂત્રો સતત જાહેરાત કરતા રહે છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં થતા પેટ્રોલીયમ ઉત્પાદનોના ભાવવધારાને અનુલક્ષીને આપણે પણ ભાવ વધારવા મજબૂર બનીએ છીએ.

સમીર

હકીકત એ છે કે પૃથ્વી પરનાં પેટ્રોલીયમનાં સ્રોતો હવે ઝડપભેર ખૂટી રહ્યા છે. આજે તો પેટ્રોલીયમ મોંઘે ભાવે પણ સુલભ તો છે. પણ સંભવ છે આવતી કાલે ગમે તેટલા પૈસા દેતાં પણ એ સુલભ જ નહીં હોય.

કવિતા

આમ ને આમ જો આપણે આ અમૂલ્ય પેટ્રોલીયમના બેફામ ધૂમાડા કરતા રહીશું તો પેટ્રોલથી તો હાથ ધોઈ બેસીશું જ પણ સાથેસાથે બીજું પણ ઘણું બધું ગૂમાવીશું.

જલ્પા અંતાણી

મિત્રો, આ પ્રાકૃતિક સ્રોતો આખરે છે શું? વેલ, જે પ્રકૃતિ પાસેથી આપણને સહજ સુલભ થાય છે તે પ્રાકૃતિક સ્રોતો, નેચરલ રીસોર્સીઝ. બરાબર? જેમકે પાણી, વનસ્પતિ, માછલી, પેટ્રોલ, રાંધણ ગેસ, વગેરે. આ તમામ સ્રોતો એવા છે જે આપણા રોજબરોજના જીવનનિર્વાહ માટે આવશ્યક છે.

સમીર

હવે વપેટ્રોલીયમની વાત કરીએ તો કહી શકાય કે જ્યાં સુધી ઓટોમોબાઇલ જેવા વાહનો માટે આપણે એમને ખપમાં ન્હોતા લેતા ત્યાં સુધી એ આપણે માટે પ્રાકૃતિક સ્રોત ન્હોતો. પણ આજે તો હવે એના વિના આપણા જીવનનું ગાડું જ ચાલે એમ નથી.

આરોહી

શ્રોતામિત્રો, પ્રકૃતિમાંથી મળતા સજીવ કે નિર્જીવ બન્ને પ્રકારેના સ્રોતો સરખા જ મહત્વના છે, કેમકે એક યા બીજી રીતે તે જીવન ટકાવવા માટે અનિવાર્ય છે. વનસ્પતિ અને માછલી જેવા સ્રોતો એ બાયોટીક સોર્સીઝ એટલેકે સજીવ સ્રોતો છે.

કવિતા

આ સજીવ સ્રોતોની ખાસીયત એ છે કે એ કુદરતી પ્રજનન વડે તે પોતાની સંખ્યામાં સતત વધારો કરે છે. આમ તે રીન્યુએબલ સોર્સીઝ છે. એ ક્યારેય નાશ નહીં પામે. જો એને કાળજીપૂર્વક સાચવીશું તો. પણ જો આપણે આ સ્રતોનું જતન નહી કરીએ તો એમાંના કેટલાકને પણ કાયમ માટે ખોઈ બેસીશું.

આરોહી

માટે આપણે આ સ્રોતોના વપરાશ અને તેમની જાળવણી વચ્ચે સમતૂલા સાધવી પડશે. કેમકે આ કુદરતી સ્રોતા ઉપર આપણું જીવન નભે છે. વનસ્પતિ કે ધનધાન વગર આપણું જીવન ટકી શકશે?

સમીર

એ જ રીતે પેટ્રોલ કે કોલસા વિના પણ આપણે નભી નહીં શકીએ. કોલસો અને પેટ્રોલીયમ એ સજીવ નથી. તેમ છતાં એમનું પણ સર્જન સજીવ સ્રોતોના અશ્મિઓ વડે જ થયું છે. કેમકે એ સજીવો લાખો વર્ષો જમીનમાં ધરબાઈને આ સ્રોતોને પેદા કરે છે.

આરોહી

જે રીન્યુએબલ નથી તે સ્રોતો એક દિવસ ખતમ થઈ જશે એ નક્કી. પણ જા કરકસર અને કાળજીપૂર્વક વાપરીશું તો હજી એ લાંબોકાળ ટકી શકે તેમ છ. જે દરમ્યાન આપણે વૈકલ્પિક સોતો ઊભા કરી શકીશું.

કવિતા

આ વૈકલ્પિક સ્રોતો વિશે તો આપણે આજે જ વિચાર કરવો રહયો. સંભવ છે કે એ વૈકલ્પિક સ્રોતો આપણી જીવનશૈલીને પણ ધરમૂળથી પલ્ટી નાંખશે.

સમીર

જો પૃથ્વી ઉપર પેટ્રોલ સાવ ખૂટી પડે તે દિવસે શું થશે? જો ત્યારે પેટ્રોલનો પર્યાય પ્રતિકૂળ હશે અથવા બહુ મોંઘો હશે તો લોકોને પ્રવાસ કરવા પર જ પ્રતિબંધ લાગી જશે. ઘરની આસપાસ જ લોકો કામ શોધશે ને આસપાસ જ જીવન ગૂજારવા મજબુર બનશે.

કવિતા

આપણે આજે દુનિયાના કોઈ પણ ખૂણેથી સામા કોઈ પણ ખૂણે ગણતરીના જ કલાકોમાં પહોંચી શકીએ છીએ. જો પ્રવાસના સાધનોમાં આટ આવે તો તરત સો વર્ષ પહેલા લાગતું તેમ આપણને લાગે કે દુનિયા કેટલી વિશાળ છે. જે આજે એક નાના ગામડા જેવી પરસ્પરની સન્નિકટ આવી ઊભી છે એ ફરી પાછી દૂર ચાલી જશે.

સમીર

પ્રાકૃતિક સ્રોતોનો પ્રભાવ સાચે જ મોટો છે. એ આપણી સંસ્કૃતિના દરેક પાસા પર એનો પ્રભાવ છોડે છે. આપણી જીવનશૈલીને એ ઘડે છે.

જલ્પા અંતાણી

સોરી સમીરભાઈ, મારે તમને અહીં રોકવા પડશે. કેમકે ભાસ્કર ભાઈનો એલાર્મ સીગ્નલ આવી પહોંચ્યો છે. આકાશવાણીના સ્ટૂડીયો સાથે લાઈવ થવાનો વખત થયો છે. ઓવર ટૂ ભાસ્કર જોષી–

Fade in signature Tune
End of 'Chalto Raheje' Ep.25Part I
Playback Interview
Fade in signature Tune
'Chalto Raheje' Ep.25Part II

જલ્પા અંતાણી

વેલકમ બેક ફ્રેન્ડઝ. મિત્રો બ્રેકમાં જતા અગાઉ આપણે વાહનવ્યવહાર માટના ઈંધણની કટોકટીમાંથી ખુદને અને આખા જગતને જગાડવાનો પ્રયાસ કરી રહયા હતા. બરાબર ને સમીરભાઈ?

સમીર

યસ. રાઇટ. અને જાગેલા સૌ કોઈને આપણે એમ કહેવા જઈ રહયા હતા કે બાયોટીક સોર્સીઝની જેમજ અબાયોટીક નેચરલ રીસોર્સીઝ પણ આપણા જીવનનિર્વાહ માટે અનિવાર્ય છે.

આરોહી

આ અબાયોટીક નેચરલ રીસોર્સીઝ કયાકયા છે?

સમીર

એ છે – જમીન, હવા, અને ખનીજ. જે નેચરલ રીસોર્સીઝ છે. પણ અબાયોટીક છે.

કવિતા

આ અબાયોટીક રીસોર્સીઝ જેમ વપરાશે તેમતેમ ખૂટતા જશે.

આરોહી

જેમકે રાંધણ ગેસ. એ કાંઈ અખૂટ માત્રામાં પૃથ્વીના પેટાળમાં જમા થયેલો નથી કે એને આપણે ફાવે તેટલો વાપરી શકીએ.

સમીર

દોસ્તો, આ તમામ પેટ્રોલીયમ પેદાશોની કિંમતનો આધાર આંતરરાષ્ટ્રીય બજાર ઉપર છે. કેમકે એનું ઉત્પાદન અને એના ઉપભોક્તાઓ આખી દુનિયામાં ફેલાયેલા છે. એનો ઉપયોગ જેમ વધશે તેમતેમ એની કિંમત પણ વધશે કેમકે એનો કુલ જથ્થો સતત ઘટતો જ રહેશે.

આરોહી

આ જ કારણસર પેટ્રોલીયમ પેદાશો પણ બજારમાંથી ધીમેધીમે અદૃશ્ય થતી રહેવાની છે. કેમકે એ નોન-રીન્યુએબલ છે.

કવિતા

આપણે ઘરો, ફેક્ટરીઓ અને જાહેર વાહનવ્યવહાર માટેના રોજબરોજના વપરાશમાં જેની પર નિર્ભર છીએ તેવી આ નોન- રીન્યુએબલ રીસોર્સીઝનો ચાળીસ ટકા હીસ્સો પેટ્રોલીયમ પેદાશો છે. કહોને કે આપણી અડધોઅડધ જરૂરિયાત માટે આપણે પેટ્રોલીયમ પેદાશો પર આધાર રાખીએ છીએ. આ તમામ પદાશો આપણે અન્ય દેશો પાસેથી મેળવીએ છીએ.

સમીર

સાઉદી અરેબીયા, રશિયા અને અમેરિકા આ ત્રણ પેટ્રોલીયમના પ્રમુખ ઉત્પાદકો છે. આમાં, સાઉદી અરેબીયા, રશિયા અને નોર્વે એ મોટા નિકાસકારો છે. અમેરિકા અને મેક્સીકો પોતાની પેટ્રોલીયમની જરૂરીયાત માટે સ્વનિર્ભર છે અને વધારાનું પેટ્રોલીયમ નિકાસ કરે છે.

કવિતા

આપણી પાસે જે પ્રમુખ વિકલ્પ છે તે છે ન્યુક્લીયર અને સોલર એનર્જી. પણ એના વડે શું આપણે વાહનવ્યવહાર નભાવી શકીશું? એને માટે તો નેચરલ ગેસીઝનો જ ખપ પડશે. જેમકે સીએનજી.

જલ્પા અંતાણી

આજે દુનિયાભરમાં પચ્ચીસ મીલીયન વાહનો આ કુદરતી ગસ વડે ચાલે છે. કહેવાય છે કે આપણી પાસે આગામી સો વર્ષ લગી ચાલી શકે એટલો જ નેચરલ ગેસીઝ નો જથ્થો જમા છે.

સમીર

આપણે રસોડામાં પ્રવાહી પેટ્રોલીયમ ગેસ એલપીજી અને પાઇપ વાટે મળતો નેચરલ ગેસ વાપરીએ છીએ. જો આ રીસોર્સીઝ ખતમ થાય તો આપણું શું થાય? શું આપણે એટલી માત્રામાં કોલસો પેદા કરી શકવાના છીએ? કોલસો પણ માંડ સો વર્ષ ચાલે તેટલો જ છે. તો શું લાકડા બાળીશું?

કવિતા

તોતો ધીમેધીમે આદિમકાળ તરફ પાછા ફરવા જેવું નહી થાય? અને જંગલો સમાપ્ત કરીને પછી આપણે પોતે બચીશું ખરા?

આરોહી

આપણું જીવન આ જંગલોની ઉપર નિર્ભર છે. ઓક્સાજનનો આ મુખ્ય સ્રોત છે. કહેવાય છે કે ઓગણીસસો નેવુથી બે હજાર પંદર સુધીમાં આપણે પૃથ્વી પરના દસ ટકા જંગલોનો નાશ કર્યો છે.

સમીર

ભારતમાં પણ પુષ્કળ માત્રામાં જંગલો કપાય છે અને એ જમીનનો ખેતીમાં ઉપયોગ થાય છે તો ખેતીની જમીન પર મકાનો બનાવાય છે.

કવિતા

આ એક મહત્વન કારણ છે જેને લીધે પૃથ્વી ગરમ થતી જાય છે. વરસાદ પ્રતિવર્ષ અનિયમિત થઈ રહયો છે. પશુપંખીઓનો નાશ થઈ રહયો છે.

આરોહી

એક સવ મુજબ ઓગણીસસો સીત્તેરથી બે હજાર ચૌદની સાલ દરમ્યાન બાવન ટકા વન્ય પશુપંખીઓનો નાશ થયો છે. ભારતમાં કુલ એકસો બોત્તેર સ્પીસીઝ કાલક્ષયી થવા જઈ રહી છે.

સમીર

જેમકે એશીયન હાથી, વન હોર્ન રહાઇનો, રોયલ બેન્ગાલ ટાયગર, વલ્ચર, વગેરે. એ જ રીતે અમૂક વનસ્પતિઓ પણ અત્યારે એન્ડેન્જર્ડ સ્પીસીઝ ગણવામાં આાવે છે.

જલ્પા અંતાણી

આ તમામને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે. આ માટે આપણે દેશમાં એકસો વીસ નેશનલ પાર્ક બનાવ્યા છે. અઢાર બાયોરીઝરવર્સ અને પાંચસો સાડત્રીસ સેન્ચ્યુરીઝ પણ બનાવવામાં આવી છે.

કવિતા

જંગલોની જેમ જ આપણે પાક લણતા ખેતરોની જમીનો પણ ગાયબ કરી રહયા છીએ કેમકે ત્યાં નાનામોટા નગરો ઊભા કરવા માટે બહુમાળી મકાનો બનાવી રહયા છીએ.

આરોહી

એવી જ સ્થિતિ પાણીની છે. તો શ્રોતામિત્રો, પાણી, જમીન અને જંગલો – આ બધું જ ખતમ થશે પછી માણસ ક્યાં અધ્ધર હવામાં જીવશે? કે પછી એ પોતે જ હવાની જેમ અદરશ્ય થઈ જશે?

કવિતા

માટે મિત્રો, આજે આપણે એટલો પદાર્થપાઠ લઈને વિરમીએ કે આજથી જ આપણે પૃથ્વી પરના રોજેરોજ વધુ ને વધુ પાંખા થતાજતા રીન્યુએબલ અને નોન–રીન્યુએબલ રીસોર્સીઝને કાળજીપૂર્વક નવજીવન આપીને કરકસરપૂર્વક આપણો જીવનનિર્વાહ કરીશું. આજની અને આવતી કાલની પેઢિઓ માટે આ ગંભીર ચેતવણી છે.

સમીર

માટે જાગતા જ રહેજો દોસ્તો, કેમકે, નહીં તો, આજની ઊંઘ એ કદાચ માનવજાતની આખરી અને લાંબામાં લાંબી ઊંઘ બની રહેશે.

જલ્પા અંતાણી

વેલ ફ્રેન્ડઝ, તો આ ગંભીર ચેતવણી સાથે 'ચાલતો રહેજે' વિજ્ઞાનશ્રેણીનો આજનો કાર્યક્રમ પૂરો કરીએ. આવતા અઠવાડીયે ઊર્જાના સતત વિકાસની આપણી સહીયારી સફરને આગળ ધપાવવા ફરી હાજર થઈશું. આજના જ સમયે.
ત્યાં સુધી જનવિકાસ સોસાયટીના રીમોટ સ્ટૂડીયોમાં ઉપસ્થિત કવિતા મેડમ, આરોહીબહેન અને સમીરભાઈ, તથા આકાશવાણીના સ્ટૂડીયોમાં ભાસ્કર જોષી સહિત મને જલ્પા અંતાણીને રજા આપશો.

જય વિકાસ, જય વિજ્ઞાન.

સૌ

જય વિકાસ.જય વિજ્ઞાન.

ફેડ ઇન સીગ્નેચર ટયુન
End of Episode 25